અંડર-19 એશિયા કપ ફાઇનલ

દિલધડક મેચ: પાકિસ્તાનને હરાવી ભારત બન્યું ચેમ્પિયન

અંતિમ બોલે ગુજરાતના મોહિત ઉલ્વાએ ચોગ્ગો ફટકારતા ભારતે એશિયા કપ ટ્રોફી પર ફરીથી પોતાનો કબજો જમાવ્યો

ભારતે 338 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા 42મી ઓવરમાં 252 રનમાં 8 વિકેટ ગુમાવી દીધી હતી

નવમી વિકેટ માટે 57 રનની ભાગીદારી કરીને મોહિત ઉલ્વા અને મનલ ચૌહાણે ભારતીય અંડર-19 ટીમ માટે નવો રેકોર્ડ સ્થાપ્યો

ભારતે સૌથી વધુ 9 વખત અંડર-19 એશિયા કપ જીત્યો છે

આર્યવીર સેહવાગ બન્યો પ્લેયર ઓફ ધ મેચ

મોહિત ઉલ્વા ગુજરાતનાં સુરેન્દ્ર નગરનો વતની છે





અલ અમીરાત, તા. 14 (પીટીઆઈ): શનિવારે 14 નવેમ્બરે રમાયેલી અંડર-19 એશિયા કપ ફાઇનલમાં ભારતે અંતિમ બોલ સુધી ચાલેલા અત્યંત રોમાંચક મુકાબલામાં પાકિસ્તાનને 1 વિકેટે હરાવીને ખિતાબ પર ફરીથી કબજો જમાવ્યો છે. 338 રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત શાનદાર રહી હતી. આર્યવીર સેહવાગ અને કેપ્ટન લક્ષ્ય રાયચંદાનીએ મળીને પ્રથમ વિકેટ માટે 17.4 ઓવરમાં 95 રન જોડ્યા હતા. આર્યવીરે 61 બોલમાં 9 ચોગ્ગાની મદદથી 58 રન બનાવ્યા હતા, જ્યારે લક્ષ્ય 101 બોલમાં 5 ચોગ્ગા સાથે 80 રન બનાવીને આઉટ થયો હતો. વિકેટકીપર બેટર અન્વય દ્રવિડે 12 બોલમાં 19 રનનું યોગદાન આપ્યું હતું.

વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે એક સમયે 42મી ઓવરમાં 252 રનમાં 8 વિકેટ ગુમાવી દીધી હતી અને તે સમયે ડિફેન્ડીંગ ચેમ્પિયન પાકિસ્તાન સતત બીજા વર્ષે ભારતને હરાવી ટ્રોફી જીતી જશે એવું લાગતું હતું, પરંતુ પૂંછડિયા બેટ્સમેનો મોહિત ઉલ્વા (અણનમ 49 રન, 26 બોલ) અને મનલ ચૌહાણે (47 રન, 32 બોલ) અદભુત સંયમ દાખવી નવમી વિકેટ માટે 57 રનની રેકોર્ડ ભાગીદારી કરી ટીમને જીતની નજીક પહોંચાડી હતી. આ પહેલાં ભારતના

એસ.કે. રશીદ અને વિકી ઓસ્તવાલ વચ્ચે નવમી વિકેટ માટે 50 રનની ભાગીદારી થઈ હતી.

મનલના આઉટ થયા બાદ ભારતને 1 વિકેટ બાકી રહેતા 36 રનની જરૂર હતી, ત્યારે 11મા ક્રમના બેટ્સમેન સી વેંકટાએ (અણનમ 11 રન, 8 બોલ) મોહિતને ઉત્તમ સાથ આપ્યો હતો.

પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાને ઓપનર ઉસ્માન ખાનના 107 રન, અબ્દુલ કાદિરના 80 રન અને કેપ્ટન ફરહાન યુસુફના 60 રનની મદદથી 9 વિકેટે 337 રન બનાવ્યા હતા. ભારત તરફથી કાવ્ય પટેલે 4 અને સી વેંકટાએ 3 વિકેટ ઝડપી હતી. ઉલ્લેખનીય છે કે ભારતે સૌથી વધુ વખત 9 વખત અંડર-19 એશિયા કપ જીત્યો છે જ્યારે બીજા ક્રમ પર બાંગ્લાદેશ અને પાકિસ્તાન છે જેમણે માત્ર 2-2 વખત આ ટ્રોફી જીતી છે.

અંતિમ ઓવરમાં જોઈતા હતા 8 રન

અંડર-19 એશિયા કપની રોમાંચક ફાઇનલ મેચમાં પાકિસ્તાન સામેની છેલ્લી ઓવરનો રોમાંચક ઘટનાક્રમ નીચે મુજબ હતો, જેમાં ભારતને જીતવા માટે 8 રનની જરૂર હતી: અને ટાઇ થાય તો સુપર ઓવર થવાની સ્થિતિ હતી:

49.1: લેગ સ્પિનર અહેમદ હુસૈનની ગુગલી બોલ પર મોહિત ઉલ્વા શોટ રમવા જતા બીટ થયો અને સ્ટમ્પિંગની અપીલ થઈ, પરંતુ તે ક્રિઝમાં સુરક્ષિત હતો. (0 રન)

49.2: અહેમદ હુસૈને વાઇડ બોલ ફેંક્યો જે મોહિત ઉલ્વાએ છોડી દીધો. (1 રન વાઇડના)

49.2: મોહિત ઉલ્વાએ પોઇન્ટ તરફ શોટ રમીને 1 રન લીધો.

49.3: બહારની ગુગલી બોલ પર ચિગુપાટી વેંકટાએ કટ કરવાનો પ્રયાસ કર્યો અને બોલ પેડ પર વાગ્યો, બેટ્સમેનોએ દોડીને 1 રન લીધો. (ભારતનો સ્કોર 333/9, જીતવા માટે 3 બોલમાં 5 રન જરૂરી).

49.4: મોહિત ઉલ્વાએ આગળ વધીને લોંગ-ઓફ તરફ શોટ રમીને 1 રન લીધો.

49.5: ચિગુપાટી વેંકટાએ લોંગ-ઓન તરફ શોટ રમતા માત્ર 1 રન મળ્યો (છેલ્લા બોલનું સમીકરણ: 1 બોલમાં 3 રન).

49.6: મોહિત ઉલ્વાએ આગળ વધીને વાઇડ લોંગ-ઓફ તરફ 'વન બાઉન્સ' ચોગ્ગો ફટકારીને ભારતને અવિશ્વસનીય વિજય અપાવ્યો!



ન્યૂઝીલેન્ડ સામે આજે ભારત સિરીઝ જીતવાના ઈરાદે ઉતરશે

પાંચમી વનડેમાં સ્વિંગ અને સીમ બોલિંગ સામે લડત આપવા સજ્જ ભારતીય બેટિંગ લાઇન-અપ

માઉંટ મૉંગનુઈ, તા. 14 (પીટીઆઈ): રવિવારે 14 નવેમ્બરે રમાનારી પાંચમી અને અંતિમ વનડે મેચમાં ભારતીય બેટર્સ ન્યૂઝીલેન્ડના સીમ અને સ્વિંગ બોલિંગ સામે વધુ સારા પ્રદર્શન સાથે મેદાનમાં ઉતરવા માટે મક્કમ છે. પાછલી મેચમાં પરાજય છતાં ભારત સિરીઝમાં 2-1થી આગળ છે, પરંતુ મેટ હેનરીની ઘાતક ઓપનિંગ ઓવરે ભારતીય બેટિંગની નબળાઈઓને ઉજાગર કરી દીધી હતી. 2027ના વનડે વર્લ્ડકપ પહેલા દક્ષિણ આફ્રિકા જેવી જ ઝડપી પીચો પર રમવા માટે ભારતે આ મુશ્કેલીઓનો ઉકેલ લાવવો પડશે. મુખ્ય કોચ ગૌતમ ગંભીરે માત્ર રન ઓછા બનવા કરતાં માત્ર 26-27 ઓવરમાં ટીમ સસ્તામાં આઉટ થઈ ગઈ તેના પર ચિંતા વ્યક્ત કરી છે. કેપ્ટન શ્રેયસ ઐયરે સ્વીકાર્યું છે કે બીજી ઇનિંગમાં પીચ બોલરો માટે વધુ અનુકૂળ બની ગઈ હતી. રોહિત શર્મા અને વિરાટ કોહલીની સંભવતઃ આ છેલ્લી ન્યૂઝીલેન્ડ મુલાકાત હશે એટલે રવિવારની મેચમાં તેઓ શાનદાર પ્રદર્શન કરવા ઈચ્છશે.ન્યૂઝીલેન્ડ માટે ઓપનર ટિમ સેફર્ટ અને વિલ યંગ શાનદાર ફોર્મમાં છે. ભારતીય ફાસ્ટ બોલરોએ પ્રથમ 10 ઓવરોમાં જ વિરોધી ઓપનરોને રોકવા પડશે. સાત વર્ષથી ઘર આંગણે સિરીઝ ન હારેલા ન્યૂઝીલેન્ડ સામે આ મુકાબલો રોમાંચક બનશે.

ક્રિકેટ દિગ્ગજો, વડા પ્રધાન અને રાષ્ટ્રપતિએ ભારતીય ટીમને અભિનંદન પાઠવ્યા

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): ભારતીય અંડર-19 ક્રિકેટ ટીમ દ્વારા પાકિસ્તાનને હરાવીને એશિયા કપ જીતવા બદલ દેશભરમાંથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. ભૂતપૂર્વ દિગ્ગજ ક્રિકેટર્સ સૌરવ ગાંગુલી, વીરેન્દ્ર સેહવાગ, ઈરફાન પઠાણ અને દિનેશ કાર્તિકે પણ યુવા ચેમ્પિયન્સના પ્રદર્શનને બિરદાવ્યું હતું. સેહવાગે આ જીતને પ્રશંસનીય ગણાવી હતી, જ્યારે ગાંગુલી અને કાર્તિકે ભારતીય ક્રિકેટનું ભવિષ્ય સુરક્ષિત હોવાનું જણાવ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર યુવા ખેલાડીઓની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે આ શાનદાર વિજય અનેક યુવાનોને પ્રેરણા પૂરી પાડશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ ભારતીય ટીમને અભિનંદન પાઠવતા અંતિમ મુકાબલામાં ખેલાડીઓ દ્વારા પ્રદર્શિત કરાયેલ અદભુત કૌશલ્ય, મક્કમતા અને સંયમની પ્રશંસા કરી હતી.

ગુરનૂર ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ માટે ટીમમાં સામેલ, કુલદીપ બહાર



વેલિંગ્ટન, તા. 14 (પીટીઆઈ): ન્યૂઝીલેન્ડ સામે આગામી 19 નવેમ્બરથી શરૂ થનારી ટેસ્ટ શ્રેણી માટે ભારતીય ટીમમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ઝડપી બોલરો માટે સાનુકૂળ પીચોની અપેક્ષાને કારણે ફાસ્ટ બોલર ગુરનૂર બરારને ટેસ્ટ સ્ક્વોડમાં સામેલ કરવામાં આવ્યો છે, જ્યારે સ્પિનર કુલદીપ યાદવને ડોમેસ્ટિક ક્રિકેટ રમવા માટે મુક્ત કરવામાં આવ્યા છે. વેલિંગ્ટનમાં રમાનારી આ બે મેચની શ્રેણી માટે ટીમ મેનેજમેન્ટે જસપ્રિત બુમરાહ સહિત ચાર ફાસ્ટ બોલરો સાથે મેદાનમાં ઉતરવાની સંભાવના વ્યક્ત કરી છે. આ ઉપરાંત, ફિટનેસ હાંસલ કર્યા બાદ વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંત પણ ટીમ સાથે જોડાઈ ગયા છે. શ્રેણીની પ્રથમ ટેસ્ટ 19 નવેમ્બરે વેલિંગ્ટનમાં શરૂ થશે, જ્યારે બીજી ટેસ્ટ 27 નવેમ્બરે ક્રાઇસ્ટચર્ચમાં રમાશે.

SAFF ચેમ્પિયનશિપ: ભૂતાનને હરાવી ભારત ફાઇનલમાં

સેમિફાઇનલમાં 2-1થી જીત મેળવી ભારત દસમા ખિતાબથી માત્ર એક પગલું દૂર



ઢાકા, તા. 14 (પીટીઆઈ): 14 નવેમ્બરે રમાયેલા SAFF ચેમ્પિયનશિપના સેમિફાઇનલ મુકાબલામાં ભારતે ભૂતાનને 2-1થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે અને પોતાના રેકોર્ડ દસમા ખિતાબ જીતવાના અભિયાનને જીવંત રાખ્યું છે. ભારતનો મુકાબલો હવે બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચેના વિજેતા સામે 17 નવેમ્બરે રમાનારી ફાઇનલમાં થશે. મેચની શરૂઆતથી જ ભારતીય ખેલાડીઓએ દબદબો બનાવ્યો હતો. વિષ્ણુ પીવીએ 9મી મિનિટે શાનદાર ગોલ કરીને ભારતને 1-0ની સરસાઈ અપાવી હતી. ત્યારબાદ 28મી મિનિટે કેપ્ટન ચિંગ્લેનસાના સિંહ કોંશમે બોક્સમાં મળેલી તકનો લાભ ઉઠાવીને બીજો ગોલ નોંધાવ્યો હતો. પ્રથમ હાફના અંત સુધી ભારત 2-0થી આગળ હતું. બીજા હાફમાં ભૂતાને શાનદાર વાપસી કરી હતી. મેચની 48મી મિનિટે કિંજાંગ તાશી ટોબડેને ગોલ કરીને સ્કોર 2-1 કર્યો હતો. SAFF ચેમ્પિયનશિપની આ મેચમાં પ્રથમવાર વીડિયો આસિસ્ટન્ટ રેફરી (VAR)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વૈભવ સૂર્યવંશી બન્યો પુરુષ ટી-20 ક્રિકેટનો સૌથી યુવા કેપ્ટન

ઈન્દોર, તા. 14 (પીટીઆઈ): યુવા બેટિંગ સેન્સેશન વૈભવ સૂર્યવંશીએ શનિવારે 14 નવેમ્બરે પુરુષ ટી-20 ક્રિકેટ ઇતિહાસમાં સૌથી યુવા કેપ્ટન બનીને નવો વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો છે. તેણે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં સૌરાષ્ટ્ર સામેની પ્રથમ મેચમાં બિહારની ટીમનું નેતૃત્વ કરીને આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. 15 વર્ષ અને 232 દિવસની વયે કેપ્ટનશીપ સંભાળીને વૈભવ સૂર્યવંશીએ ક્રોએશિયાના ઝેક વુકુસિકનો રેકોર્ડ તોડ્યો છે, જેણે 7 ઓગસ્ટ 2025ના રોજ સાયપ્રસ સામે 17 વર્ષ અને 311 દિવસની ઉંમરે પોતાની રાષ્ટ્રીય ટીમની કમાન સંભાળી હતી. 2026-27ની રણજી ટ્રોફી સિઝનમાં સતત 4 પરાજય બાદ બિહારે પ્રથમ 2 ઘરેલુ ટી-20 મેચ માટે આ યુવા ખેલાડીને સુકાનીપદ સોંપ્યું છે. માત્ર 5 મહિના પહેલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરનાર વૈભવ સૂર્યવંશી તાજેતરમાં દુલીપ ટ્રોફીમાં ઇશાન કિશનના ડેપ્યુટી તરીકે ઇસ્ટ ઝોનનો વાઇસ-કેપ્ટન પણ બન્યો હતો. તે હવે 19 નવેમ્બરથી દોહામાં શરૂ થનારી એસીસી રાઇઝિંગ સ્ટાર્સ ટૂર્નામેન્ટમાં ભારત-એ ટીમ સાથે જોડાશે.



સૈયદ મુશ્તાક અલી ટ્રોફી રાઉન્ડ અપ

મુંબઈનો હૈદરાબાદ સામે વિજય, સૂર્યકુમારની તોફાની અર્ધસદી

કોલકાતા, તા. 14 (પીટીઆઈ): સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની ગ્રુપ-'ડી'ની મેચમાં શનિવારે 14 નવેમ્બરે સૂર્યકુમાર યાદવની વિસ્ફોટક બેટિંગની મદદથી મુંબઈએ હૈદરાબાદને 7 વિકેટે કચડી નાખ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદની ટીમ 20 ઓવરમાં 172 રનમાં ઓલઆઉટ થઈ હતી, જેમાં અભિરથ રેડ્ડીએ સૌથી વધુ 35 રન બનાવ્યા હતા. મુંબઈ તરફથી મેક્સવેલ સ્વામીનાથને 23 રન આપી 3 વિકેટ ઝડપી હતી. 173 રનના લક્ષ્યાંક સામે મુંબઈએ માત્ર 13.1 ઓવરમાં 3 વિકેટે 174 રન બનાવી 41 બોલ બાકી રાખી જીત મેળવી હતી. સૂર્યકુમાર યાદવે 6 ચોગ્ગા અને 5 છગ્ગાની મદદથી માત્ર 21 બોલમાં અણનમ 60 રન ફટકાર્યા હતા. તેણે માત્ર 15 બોલમાં પોતાની અર્ધસદી પૂરી કરી હતી. યુવા બેટ્સમેન મુશીર ખાને પણ 24 બોલમાં 51 રનની આક્રમક ઇનિંગ રમી હતી.

ગુજરાતનો ઓડિશા સામે વિજય, ખિલન પટેલની વિસ્ફોટક ઈનિંગ

કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી ગ્રુપ ડી ની અન્ય એક રોમાંચક મેચમાં ગુજરાતે ઓડિશાને 21 રને પરાજય આપ્યો હતો. ગુજરાતે પ્રથમ બેટિંગ કરતા ખિલન પટેલની 29 બોલમાં 84 રનની વિસ્ફોટક ઇનિંગ અને ઉર્વિલ પટેલના 62 રનની મદદથી 20 ઓવરમાં 9 વિકેટે 250 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. ખિલન પટેલે પોતાની ઇનિંગમાં 8 છગ્ગા ફટકાર્યા હતા. જવાબમાં ઓડિશાની ટીમ સુભ્રાંશુ સેનાપતિ (89) અને કાર્તિક બિસ્વાલની (55) લડાયક બેટિંગ છતાં 20 ઓવરમાં 8 વિકેટે 229 રન જ બનાવી શકી હતી. ગુજરાત તરફથી અરઝાન નાગવાસવાલાએ 50 રન આપી 4 વિકેટ ઝડપી જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

પુડુચેરી સામે મહારાષ્ટ્રનો 15 રને પરાજય

મોહાલી, તા. 14 (પીટીઆઈ): સૈયદ મુશ્તાક અલી ટી-20 ટ્રોફીની ગ્રુપ-\RCની પ્રથમ મેચમાં પુડુચેરી સામે મહારાષ્ટ્રને 15 રને પરાજયનો સામનો કરવો પડ્યો છે. પુડુચેરીએ પ્રથમ બેટિંગ કરીને 9 વિકેટે 204 રન બનાવ્યા હતા. મહારાષ્ટ્ર તરફથી વિકી ઓસવાલે 23 રન આપી 2, મુકેશ ચૌધરીએ 27 રન આપી 2 અને પ્રશાંત સોલંકીએ 36 રન આપી 2 વિકેટ ઝડપી હતી. 205 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી મહારાષ્ટ્રની ટીમ 20 ઓવરમાં 5 વિકેટે 189 રન જ બનાવી શકી હતી. કેપ્ટન પૃથ્વી શોએ 32 અને અર્શિન કુલકર્ણીએ 33 રન બનાવ્યા હતા, જ્યારે સાહિલ પરીખે શાનદાર 57 રનનું યોગદાન આપ્યું હતું. રાહુલ ત્રિપાઠીએ પણ 35 રન બનાવ્યા પરંતુ ટીમને વિજય અપાવી શક્યા નહીં. ગ્રુપ \RCની અન્ય એક મેચમાં આંધ્રપ્રદેશે ત્રિપુરાને 43 રને હરાવ્યું હતું.

ચંદીગઢ સામે વડોદરાનો પરાજય, કૃણાલનું ઓલરાઉન્ડ પ્રદર્શન એળે ગયું

મુંબઈ, તા. 14 (પીટીઆઈ): સૈયદ મુશ્તાક અલી ટી-૨૦ ટ્રોફીની ગ્રુપ \RAની મેચમાં શનિવારે 14 નવેમ્બરે વડોદરાને ચંદીગઢ સામે 3 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો, જેમાં કૃણાલ પંડ્યાનું શાનદાર ઓલરાઉન્ડ પ્રદર્શન એળે ગયું હતું. પ્રથમ બેટિંગ કરતા વડોદરાની ટીમ 20 ઓવરમાં 6 વિકેટે 148 રન જ બનાવી શકી હતી. ઓપનર શિવાલિક શર્માએ 45 અને કૃણાલ પંડ્યાએ અણનમ 40 રનનું યોગદાન આપ્યું હતું. લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ચંદીગઢની ટીમ માટે કેપ્ટન શિવમ ભાંબરીએ 45 રન બનાવીને ટીમને જીતની નજીક પહોંચાડી હતી. વડોદરા તરફથી બોલિંગમાં કૃણાલ પંડ્યાએ 4 ઓવરમાં માત્ર 7 રન આપીને 2 વિકેટ ઝડપી હતી, અને દીપક હુડાએ પણ 2 વિકેટ મેળવી હતી, છતાં ચંદીગઢે અંતિમ ઓવરમાં લક્ષ્યાંક પાર કરી લીધો હતો.

સૌરાષ્ટ્રએ વૈભવ સૂર્યવંશીની બિહાર ટીમને હરાવી

ઈન્દોર, તા. 14 (પીટીઆઈ): સૌરાષ્ટ્રની ક્રિકેટ ટીમે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની ગ્રુપ બીની એક મેચમાં બિહાર સામે શાનદાર વિજય મેળવ્યો છે. બિહાર સામે રમાયેલી મેચમાં સૌરાષ્ટ્રની ટીમનો ૫ વિકેટે વિજય થયો હતો. બિહારે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૩૭ રન બનાવ્યા હતા. જવાબમાં સૌરાષ્ટ્રે ૧૬.૩ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૩૮ રનનો લક્ષ્યાંક સર કરી લીધો હતો. સૌરાષ્ટ્ર તરફથી હરવંશ પંગાલિયાએ ૧૧ બોલમાં 33 રનની વિસ્ફોટક ઇનિંગ રમી હતી, જેમાં 3 ચોગ્ગા અને 3 છગ્ગા સામેલ હતા. આ ઉપરાંત રુચિત અહીરે ૨૧ અને સિદ્ધાંત રાણાએ ૨૧ રન બનાવીને ટીમને વિજય અપાવ્યો હતો. બોલિંગમાં સૌરાષ્ટ્રના ચેતન સાકરિયા અને પ્રેરક માંકડએ 3-3 વિકેટ ઝડપી હતી.

કુમામોટો માસ્ટર્સ: લક્ષ્ય સેન ફાઇનલમાં

લક્ષ્યે ઈન્ડોનેશિયાના છઠ્ઠી સીડ ધરાવતા ફરહાનને 21-12, 15-21, 21-11થી હરાવ્યો



કુમામોટો (જાપાન), તા. 14 (પીટીઆઈ): શનિવારે 14 નવેમ્બરે રમાયેલી કુમામોટો માસ્ટર્સ જાપાન સુપર-500 બેડમિન્ટન ટૂર્નામેન્ટની સેમિફાઇનલમાં ભારતના સ્ટાર ખેલાડી લક્ષ્ય સેને ઈન્ડોનેશિયાના વિશ્વના 10મા નંબરના ખેલાડી અલ્વી ફરહાન સામે રોમાંચક વિજય મેળવીને સતત બીજી વખત ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. વિશ્વના 13 મા નંબરના ખેલાડી લક્ષ્ય સેને છઠ્ઠી સીડ ધરાવતા ફરહાનને 21-12, 15-21, 21-11થી હરાવ્યો હતો. આ જીત સાથે લક્ષ્ય સેનની હાંગઝોઉ ખાતે યોજાનારી BWF વર્લ્ડ ટૂર ફાઇનલ્સ માટે ક્વોલિફાઇ કરવાની સંભાવનાઓ વધુ મજબૂત બની ગઈ છે. આ મુકાબલામાં લક્ષ્ય સેને પ્રથમ ગેમ સરળતાથી જીતી લીધી હતી, જોકે બીજી ગેમમાં ઈન્ડોનેશિયન ખેલાડીએ પુનરાગમન કર્યું હતું. નિર્ણાયક ત્રીજી ગેમમાં લક્ષ્ય સેને શાનદાર પ્રદર્શન જાળવી રાખીને માત્ર 11 પોઈન્ટ જ આપ્યા હતા અને 21 પોઈન્ટ જીતી મેચ પોતાના નામે કરી હતી. ફાઇનલમાં લક્ષ્ય સેનનો મુકાબલો જાપાનના કોકી વતનાબે અથવા થાઈલેન્ડના કુનલાવુત વિતિદસાન સામે થશે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

બહુમૂત્ર

આખો દિવસ , રાત દર કલાકે પેશાબ કરવા દોડવું પડતું હોય તો બે ઇંચનો પાકી ખાટી આમલી લઈ એક કપ પાણીમાં ચોળી, રસ કાઢી લો. તેમાં દશ દાણા વાટેલા મરી અને એક ગ્રામ હળદર ભેળવી, સવાર, સાંજ પીવું. દશ દિવસ પ્રયોગ ચાલુ રાખો.

આજનું પંચાંગ

તા. 15/11/2026, રવિવાર

વિક્રમ સંવત : 2083 **શાકે :** 1948
વીર સંવત : 2553 **માસ :** કારતક
તિથિ: સુદ: છઠ: 26:02
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-24 **યોગ :**ગંડ
કરણ: કૌલવ **નક્ષત્ર :** ઊ.ષા.:- 23:29
રાશિ: મકર (ખ,જ)
દિવસ : શુભ- સૂર્ય ષષ્ઠી- છઠ-બિહાર
સુરતમાં સૂર્યોદય : 06:50 **સુરતમાં સૂર્યાસ્ત** : 17:56
નવકારસી : 07:38
પારસી વર્ષ : 1396 તીર માસનો 03 જો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ આખર માસનો 05મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ,
રાહુ કાળ : સાંજે: 16:30 થી 18:00 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): તમારા નવા વિચારોથી પ્રભાવ વધે. સામાજિક પ્રવૃત્તિ થાય. મોજ-શોખના ધંધામાં આવક વધશે.

વૃષભ (બ,વ,ઉ,): વ્યવહારો અને કૌટુંબિક કામમાં યશ મળે. ધાર્મિક પ્રવાસ થાય. ઉચ્ચ શિક્ષણ, વિદેશના કામમાં પ્રગતિ થાય.

મિથુન (ક,છ,ઘ,): દેવું કરવું નહી. ઉધાર આપવું નહી. વડીલોની સલાહ માનવી. ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. મન અશાંત રહે.

કર્ક (ડ,હ,): નવી જવાબદારી વધે. ભાગીદારીમાં નવી યોજના પાર પડે. કૌટુંબિક પ્રસંગમાં જવાબદારીથી કામ કરવું પડશે.

સિંહ (મ,ટ,): દોડ-ધામ અને અશાંતિયુક્ત દિવસ રહે. ખર્ચા વધશે. ખાવા-પીવામાં ધ્યાન રાખવું. ઉધારી ટાળવી.

કન્યા (પ,ઠ,ણ,): મિત્રો સાથે મનોરંજન થાય. પ્રેમમાં સાથ મળે. વિદ્યાભ્યાસમાં મન લાગે. સંતાન ચિંતા ન સતાવે.

તુલા (ર,ત,): નવા કામની યોજનામાં પરિવારનો સાથ મળે. બહારના કામમાં પ્રગતિ થાય. નવા વાહન, ઘરની યોજના બને.

વૃશ્ચિક (ન,ય,): ઉત્સાહજનક સમાચાર મળે. નવા વિચારો અને ટેકનોલોજી પ્રમાણે કામ કરવાથી નવું શીખવા મળશે.

ધન (ભ,ધ,ફ,ઢ,): ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. પારિવારિક ધંધામાં આવક વધશે. સંતાનોના કામની યોજના બને.

મકર (ખ,જ,): મન અશાંત અને ચંચળ રહે. પડવા-વાગવાથી સાવધાન અચાનક શુભ સમાચાર મળે. આવક વધશે.

કુંભ (ગ,સ,શ,ષ,): ધાર્મિક પ્રવાસ થાય. સમાજ સેવાથી શાંતિ મળે. સંતાનોના કામમાં મદદ મળે. આરોગ્ય નરમ રહે.

મીન (દ,ચ,ઝ,થ,): ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. પ્રેમમાં સહકાર મળે. મિત્રો સાથે મનોરંજન થાય. નવી તક મળે.

કોઈ પણ સાલમાં 15 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધા-વેપારમાં હરીફો વધે અને ચડતી-પડતી છતાં નવી તકો મળતી રહે. સમાજમાં માન વધે. પરિવારની અપેક્ષા વધવાથી કામનો બોજ વધે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ-કચેરીમાં મદદ મળવાથી અટકેલાં કામ પાર પડશે. વિદેશના કામમાં પ્રગતિ થાય. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. સ્ત્રી વર્ગને ભાગ્યનો સાથ મળે. નોકરિયાતને પ્રમોશન મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન મકાનની યોજના પાર પડે. વારસો, જાયદાદ, જમીન જેવા કામ પાર પડશે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં શુક્ર-શનિવારે 06, 15, 24 તારીખે નવા કામ કરવા સફેદ રંગનો ઉપયોગ વધારવો. જુલાઈ-ઓગસ્ટમાં બુધવારે 01,10,19,28 તારીખે નવા કામ ટાળવાં. ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. શુક્રવારના ઉપાય કરતાં રહેવું.

